# Women Empowerment

# મહિલા સશક્તિકરણ

# મહિલા સશક્તિકરણ



**પ્રગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણની દિશામાં છેલ્લા ત્રણ વર્ષમાં અનેકવિધ પગલાં લઈને અભિનવ માર્ગ કંડાર્યો છે. મહિલા સશક્તકિરણની દિશામાં અનેક આગવા ક્રાંતિકારી નિર્ણયો લઈને ગુજરાતે મહિલાઓના સામર્થ્યમાં અપ્રતિમ વધારો કર્યો છે.**

- રાજ્યના બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓના સ્વાસ્થ્યની દરકાર માટે સરકારે **પોષણક્ષમ આહાર આપવાની યોજના** અસરકારક રીતે અમલમાં મૂકી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ઝીરો થી છ વયની વયજૂથના ૩૨ લાખ બાળકો અને ૧૩ લાખ કિશોરીઓને તેમજ ૭.૫ લાખ સગર્ભા ધાત્રી માતાઓના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે પોષણક્ષમ આહાર આપવામાં આવ્યો છે.
- પ્રિવેન્શન ઓફ અન્ડર ન્યુટ્રીશનલ એનિમિયા, એમોંગ એડોલ્ટસન ગર્લ્સ (પૂર્ણા) યોજનાનો સરકારે પરિણામલક્ષી અમલ કર્યો છે.
- **પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના** અન્વયે સગર્ભા અને ધાત્રી માતાઓને ₹ ૫૦૦૦ની આર્થિક સહાય આપવાનો આ સરકારે અસરકારક અમલ કર્યો છે.
- આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો તથા ધાત્રી માતાઓ સહિત ૩૦ લાખ જેટલાં લાભાર્થીઓને **દૂધ સંજીવની યોજના**નો લાભ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન આપવામાં આવ્યો છે.
- આશાવર્કર બહેનો તેમજ આંગણવાડી કાર્યકર બહેનોના **માનદ વેતનમાં ૫૦ ટકાનો વધારો** સરકારે કર્યો છે.
- **જનની સુરક્ષા યોજના** અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં ૮.૫૦ લાખ ગર્ભવતી મહિલાઓને આર્થિક સહાય આપવામાં આવી છે.
- રાજ્યમાં વસતી ૧.૫૦ લાખ વિધવા બહેનોને અપાતી **નાણાકીય સહાયમાં ₹ ૧૦૦૦નો વધારો** કરાયો છે.
- મહિલાઓને ઝડપી ન્યાય પ્રાપ્ત થાય એ માટે રાજ્યમાં **૨૭૦ મહિલા અદાલતો** કાર્યરત છે.
- **૧૮૧ અભયમ યોજના**નો અસરકારક અમલ કરીને છેલ્લા ત્રણ વર્ષમાં પાંચ લાખ ઉપરાંત ઈફેક્ટીવ કોલ્સનું નિરાકરણ કરવામાં આવ્યું છે.
- મહિલા વિરોધના ગુનાઓની ઝડપી તપાસ અને













નિકાલ માટે **૨૬ સ્પેશ્યલ યુનિટ** કાર્યરત કરવામાં આવ્યા છે.

- **સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા** મહિલા આરક્ષણ અને **સરકારી નોકરીઓમાં ૩૩ ટકા** મહિલા આરક્ષણ માટે બેઠકો સુનિશ્ચિત કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.
- મહિલાઓની સુરક્ષા માટે મંગળસૂત્ર, ચેઈન અને તેમના કિંમતી ઘરેણાં સ્નેચીંગની ઘટનાઓને અંકુશમાં લેવા માટે **આઈ.પી.સી.ની કલમમાં નવી કલમ ઉમેરી** કડકમાં કડક સજા કરવાનો કાયદો આ સરકારે ઘડ્યો છે.
- **બાળકીઓ અને મહિલાઓ ઉપર થતાં દુષ્કર્મના કેસમાં** ફાંસીની સજા માટે બે મહિનાના ગાળામાં ચાર્જશીટ અને ટ્રાયલ પૂર્ણ થાય અને રોજે રોજ કેસ ચલાવવામાં આવે એ પ્રકારનો નક્કર નિર્ણય કરવામાં આવ્યો છે.
- દીકરીને પહેલા ધોરણમાં પ્રવેશ મળે તે વખતે ₹ ૪૦૦૦ અને નવમા ધોરણમાં આવે ત્યારે ₹ ૬૦૦૦ જમા કરાવી દીકરી ૧૮ વર્ષની થાય ત્યારે ₹ ૧ લાખની સહાય આપવાની નવતર યોજના **'વહાલી દીકરી'** અમલમાં મૂકવામાં આવી છે આ માટે ₹ ૧૩૩ કરોડની માતબર રકમની રાજ્ય સરકારે જોગવાઈ પણ કરી છે.
- **રાજ્યની ૧૫૧ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં** અભ્યાસ કરતી ૧૫ હજાર કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ, હોસ્ટેલ અને ભોજનની સુવિધા આ સરકારે આપી છે.

